અપીલ અરજી નં.૩૫૩ તા.૧૪–૨ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ શ્રી બાબુભાઈ સી. પટેલ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી બાબુભાઈ સી. પટેલની તા.૬–૧૨–૧૦ ની અરજીથી ટીપી ૪૦/૪૧ માં ઉભા થયેલ ગેરકાયદેસર બાંધકામ બાબત. મુદ્દા નં.(૧) લીંબાયત ખાતે ટીપી ૪૦/૪૧ માં છેલ્લા ૬ મહીનામાં કેટલા બાંધકામ થયેલ? તેમાંથી કેટલા બાંધકામ ગેરકાયદસર છે વિગરે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૪–૨–૧૧ ની **SMC/FAP/** નં.૩૫૩/૨૦૧૦–૧૧

શ્રી બાબુભાઈ સી. પટેલની તા.૬–૧૨–૧૦ ની અરજીથી ટીપી ૪૦/૪૧ માં ઉભા થયેલ ગેરકાયદેસર બાંધકામ બાબત. મુદ્દા નં.(૧) લીંબાયત ખાતે ટીપી ૪૦/૪૧ માં છેલ્લા ૬ મહીનામાં કેટલા બાંધકામ થયેલ? તેમાંથી કેટલા બાંધકામ ગેરકાયદસર છે વિગરે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબતે સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતલઝોન) ના પત્ર નં..સા.ઈ.ઝોન/મહુકમ/૩૬૩૧ તા.૧૮–૧–૧૧ થી આપેલ માહિતી ગોળ ગોળ જવાબ આપેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૪–૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા વધુમાં અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા ઉપરાંત છેલ્લા ૬ માસ માટે ટીપી ૪૦/૪૧ ના બિલ્ડીંગ ઈન્સ્પેકટર શહેર વિકાસની ફરજના ભાગરૂપે ક્ષેત્રિય તપાસણીના કોઈ રીપોર્ટ રજૂ થયેલ હોય તો તે આધારે હકીકત અંગે પ્રકાશ પાડવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૪૪ તા.૨૮–૨–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૬–૧૨–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૬૩૧ તા.૧૮–૧–૧૧ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારના અરજી મુદ્દા નં.(૧) લીંબાયત ખાતે ટીપી ૪૦/૪૧ માં છેલ્લા ૬ મહીનામાં કેટલા બાંધકામ થયેલ? તેમાંથી કેટલા બાંધકામ ગેરકાયદસર છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી છેલ્લા ૬ માસ દરમ્યાન થયેલા બાંધકામો અંગેની માહિતી ઝોન કચેરીના શહેર વિકાસ ખાતે ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. (૨) ગેરકાયદેસર બાંધકામને ઝોન કચેરીએથી નોટીસો ફટકારીને બંધ કરાવેલા છે નોટીસો આપ્યા બાદ કેટલા બાંધકામોનું ડીમોલીશન ઝોન કચેરીએ કરેલ છે તથા કેટલા બાંધકામોનું ડીમોલીશન કરવાનું હજુ બાકી છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નોટીસ આપી ડીમોલીશન કરેલ કુલ કેસ–૦૧ (એક) છે. તેવું જણાવેલ છે. (૩) ગેરકાયદેસર ઉભા થયેલા બાંધકામ બાંધકામધારકોના નામ ,સરનામાં ડીમોલીશન કર્યાની તારીખ, નોટીસ આપ્યા તારીખ સહિતની વિગતવાર યાદીની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી જે કેસ અંગે બાધકામ ધારકનું નામ અચ્છેલાલ ગુપ્તા, પ્લોટ નં.૨૨ ફા.પ્લોટ નં.૩૪ ટીપી સ્કીમ નં.૪૧ (ડીંડોલી) તથા નોટીસ આપ્યાની તારીખ ૧–૭–૧૦ છે. તેવુ જણાવેલ છે. (૪) ગેરકાયદેસર ઉભા થયેલા બાંધકામોનું ઝોન કચેરીએ ડીમોલીશન કર્યા બાદ તેમના કેટલા બાંધકામો ફરીથી ઉભા કરી દેવામાં આવેલ છે? ફરીથી કર્યા બાદ બાંધકામ કરવા અંગેની કોઈ પરમીશન આપી હતી કે કેમ? જો આપી હોય તો તેની વિગતવાર માહિતી. (ડીમોલીશન કર્યા તારીખ તેમની પાસે ડીમોલીશનમાં વસુલ કર્યાની રકમ તથા જો બાંધકામની ફરીથી મંજુરી આપી હોય તો તે મંજુરી આપતા પત્રની નકલ સહિતની વિગત. ) તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તમારા જણાવ્યા મુજબનો કોઈ રેકર્ડ ઝોન કચેરી શહેર વિકાસ ખાતે ઉપલબ્ધ નથી. તેવુ જણાવેલ છે. (૫) ગેરકાયદેસર ઉભા થયેલા બાંધકામોનું ઝોન કચેરી ધ્વારા ડીમોલીશન કરાયા બાદ વિના મંજુરીએ ફરીથી તે બાંધકામો ઉભા કરાવવા હોય તો તેવા બાંધકામધારકો વિરુધ્ધ ત્યાર બાદ ઝોન કચેરીએ કોઈ કાર્યવાહી કરેલ છે કે કેમ? જો આવી કોઈ કાર્યવાહી કરી હોય તેની નકલો સહિતની વિગત આપશો. અને જો કાર્યવાહી કરવામાં ન આવી હોય કયા કારણોસર? આપે ગેરકાયદેસર ઉભા કરેલા બાંધકામ ધારકો વિરુધ્ધ ઝોન કચેરી કાર્યવાહી કરતું નથી તેની વિગતો આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તમારા જણાવ્યા મુજબનો કોઈ રેકર્ડ ઝોન કચેરી શહેર વિકાસ ખાતે ઉપલબ્ધ નથી. તેવુ જણાવેલ છે.આમ અરજદારને મુદ્દાનં.૧ થી ૫ ની આપેલ માહિતી અંગે અરજદારે ગોળ ગોળ જવાબ આપેલ છે અને જે ખરેખર માહિતી માંગેલ છે તે આપી ન હોવાનું જણાવી તા.૧૪–૨–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે ડીમોલીશન કર્યુ તેનું નામ નથી તેવું જણાવેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ બાંધકામ ધારકનું

નામ અચ્છેલાલ ગુપ્તા જણાવેલ છે. અરજદારે જેમાં નોટીસની નકલ આપેલ નથી તેવી રજૂઆત અપીલ તબકકે કરેલ છે. અરજદારે મુદ્દા નં.૩ બાબતે નોટીસની નકલની મુળ અરજીમાં માંગણી કરેલ નથી. અરજદારે મુદ્દા ન.૧,૪ અને ૫ બાબતે માહિતી ઉપલબ્ધ નથી તેવી રજુઆત બાબતે આરટીઆઈ એકટની કલમ–૨ (એફ) અને (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળ પાસે અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જે મુજબ જાહેર માહિતી અધિકારીએ અરજદારને જણાવેલ છે. તેમ છતાં અરજદાર ડીમોલીશન કર્યા અંગેની આપેલ માહિતીના લાગત દફતરનું ઈન્સ્પેકશન કરી માહિતી સંબધે ખરાઈ કરી શકે છે. અરજદારે અપીલમાં જવાબ આપનાર અધિકારીનું વિરુધ્ધ પગલા ભરવાની રજૂઆત કરેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૬–૧૨–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પડાયેલ હોઈ મુદ્દા નં.૧,૪ અને ૫ બાબતે ગેરકાયદેસર બાંધકામના ડીમોલીશન અને ત્યાર બાદ બાંધકામ અને પરમીશન તથા કાર્યવાહી બાબતે અરજદારને ડીમોલીશન અંગે આપેલી વિગતનું લાગત દફતરનું જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય દિન–૭ માં મેળવી કરી શકે છે અને જાહેર માહિતી અધિકારીએ આપેલ પ્રત્યુત્તરની ખરાઈ કરી શકે છે. તપાસણી અંગે અરજદાર ધ્વારા રજૂઆત કર્યેથી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ હુકમની અમલવારી કરવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૧

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયત ઝોન),.....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી બાબુભાઈ સી. પટેલ